# સોરઠ ઈન્ટરનેશનલ સ્કુલ, વંથલી રોડ,જુનાગઢ

સામાજિક વિજ્ઞાન | ધોરણ – 10 | પેપર – ૧

વિભાગ – A (24 ગુણ)

**➔ નીચે આપેલા પ્રશ્ન નં.:- 1 થી 24 ના માગ્યા મુજબ જવાબ આપો: (દરેકનો એક ગુણ)**

**◆ યોગ્ય જોડકા જોડો:**

| A | B |
|---|---|
| 1) મુનસર તળાવ | A) વડનગર |
| 2) જરી – ભરતની કલા | B) વિરમગામ |
| 3) હાટકેશ્વર મહાદેવ | C) અમદાવાદ |
| 4) રૂદ્રમહાલય | D) સુરત |
| 5) દાદા હરીની વાવ | E) પાટણ |
| | F) સિધ્ધપુર |

**◆ નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

6) દિબ્રુગઢ થી કન્યાકુમારીનો રેલમાર્ગ ‘ભારત એક્સપ્રેસ’ તરીકે જાણીતો છે.
7) દેશમાં આકાશવાણીના 541 જેટલા સ્ટેશનો છે.
8) દેશમાં ઈ.સ. 1992માં હાથી પરિયોજના શરુ કરવામાં આવી હતી.
9) નિર્વનીકરણ એટલે જંગલોનું નષ્ટ થવું.
10) શ્રી હેમચંદ્રાચાર્ય ગ્રંથાલય પાટણ ખાતે આવેલું છે.

**◆યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

11) પંજાબમાં સ્પષ્ટ વાવેતર ક્ષેત્રનું પ્રમાણ ........... છે. (90.7%, 90.8%, 90.4%)
12) આજે ......... નામે ઓળખાતી કંપની હવાઈ પરિવહનની સેવાઓ પૂરી પાડે છે. (એરઇન્ડિયા, ઇન્ડિયન કોર્પોરેશન, પવનહંસ)
13) ................ એ ઉત્પાદનનું માનવસર્જિત સાધન છે. (શ્રમ, કાર્ય, મુડી)
14) ઘઉં અને ડાંગર પછી વિશ્વમાં ............. નું સૌથી વધુ વાવેતર થાય છે. (બાજરી,મકાઈ,તમાકુ)
15) પર્યાવરણની સુરક્ષા માટે સ્ટોકહોમમાં ........... પ્રથમ વખત ‘પૃથ્વી પરિષદ’ નું આયોજન થયું (1970,1972,1975)

**◆નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

16) પર્યાવરણ જાગૃતિ અંગે ‘પૃથ્વી પરિષદ’ કઈ સાલમાં યોજવામાં આવી?
A) 1972 B) 1951 C) 1992 D) 2014
17) યુવા બેરોજગારીને નવા આઈડિયા સાથે ઉદ્યોગ સાહસિક બની સ્વરોજગાર તરફ કઈ યોજના પૂરે છે?
A) મેક-ઈન-ઈન્ડિયા B) સ્ટાર્ટ અપ ઈન્ડિયા C) ડીજીટલ ઈન્ડિયા D) સ્વચ્છ ભારત અભિયાન
18) ખાદ્ય પદાર્થની ગુણવતાનું નિયમન કરતી સ્વૈચ્છિક સંસ્થા કઈ છે?
A) BIS B) CAC C) ISO D) FPO
19) નીચેનામાંથી કઈ સમસ્યા વૈશ્વિક છે?
A) જ્ઞાતિવાદ B) સાંપ્રદાયિકતા C) ભાષાવાદ D) આતંકવાદ
20) વિશ્વબેંકના 2004ના અહેવાલ મુજબ માથાદીઠ આવક કેટલા ડોલરથી ઓછી હોય તો તે વિકાસશીલ દેશ કહેવાય?
A) 480 U$ B) 520 U$ C) 735 U$ D) 250 U$

**◆નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં જવાબ આપો.**

21) ભૂમીગત જળ કઈ રીતે પ્રાપ્ત થાય છે?
22) વિશ્વનું સૌથી મોટું ખનીજતેલ શુધ્ધિકરણ સંકુલ ક્યાં આવેલું છે.
23) અતિશય ઘોંઘાટના કારણે માનવી શું અનુભવે છે?
24) વિદેશી મૂડીરોકાણને પ્રોત્સાહન કઈ નીતિને કારણે મળે છે?

વિભાગ – B (18 ગુણ)

**➔ નીચે આપેલા પ્રશ્ન નં.:- 25 થી 37 ના ટૂંકમાં ઉત્તર લખો: (દરેકનાં બે ગુણ) (13 માંથી કોઈપણ 09)**

25) ઓસ્ટ્રેલોઈડ પ્રજાની લાક્ષણિકતાઓ જણાવો.
26) મોંગોલોઇડ(કિરાત) પ્રજા વિશે ટૂંકી માહિતી આપો.
27) માનવજીવન અને માટી વચ્ચેનો સહસંબંધ જણાવો.
28) નાટ્યકલા સમાજજીવન ને પ્રતિબીંબીત કરે છે.”- આ વિધાન સમજાવો.
29) દિલ્લી ના લાલકિલ્લા વિશે નોંધ લખો.
30) બૃહદેશ્વર મંદિર નો પરિચય આપો.

31) હાથી પરિયોજના વિશે માહિતી આપો.
32) તાંબા ના ગુણધર્મો અને ઉપયોગો જણાવો.
33) “આધુનિક યુગને ખનીજયુગ કહે છે “.- શા માટે ?
34) ”પશ્ચિમ બંગાળના પ્રવાસ દરમિયાન તે લોકોના ઘર માં શણ નાં પગલુછણીયા, સૂતળી, કંતાન, કોથડાનો વપરાશ ખુબ વધુ પ્રમાણમાં જોવા મળ્યો” – આવું શા માટે હશે?
35) પર્યાવરણના અતિક્રમણને રોકવાના ઉપાયો જણાવો.
36) અસમમાં ક્યાં બળવાખોળ સંગઠનો સક્રિય છે?
37) જુદી – જુદી પંચવર્ષીય યોજનાઓ હેઠળ અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ માટે કઈ – કઈ જોગવાઈઓ શરૂ કરી છે?

વિભાગ – C (18 ગુણ)

**➔ નીચે આપેલા પ્રશ્ન નં.:- 38 થી 46 ના મુદ્દાસર ઉત્તર લખો: (દરેકનાં ત્રણ ગુણ) (09 માંથી કોઈપણ 06)**

38) ઉત્તર ગુજરાત સ્થિત મંદિર જેનું નકશીકામ ઈરાની શૈલીમાં થયું છે,તે મંદિરનો પરિચય આપો.
39) પ્રાચીન ભારતનું નગર આયોજન સમજાવો.
40) ગુજરાતી ગદ્ય – પદ્ય સાહિત્ય વિશે નોંધ લખો.
41) શબ્દ સમજાવો – નવીનીકરણીય સંસોધનો
42) દિવ્યાના પિતાજી L.I.C. માં કામ કરે છે. ભવ્યાના પિતાજી ખેતીકામ કરે છે. અને પ્રેક્ષાના પિતાજી સિલાઈ મશીન બનાવે છે. આ ત્રણેયના પિતાજી અર્થકારણના ક્યાં માળખામાં આવશે? તેની સમજ આપો.
43) ઉદારીકરણના લાભ અને ગેરલાભ જણાવો.
44) ગ્રાહકોનું શોષણ કઈ કઈ રીતે થાય છે? જણાવો.
45) માનવવિકાસ આંક માપવા માટેના નિર્દેશકોની સમજુતી આપો.
46) આતંકવાદ અને બળવાખોરી વચ્ચેનો તફાવત આપો.

વિભાગ – D (20 ગુણ)

**➔ નીચે આપેલા પ્રશ્ન નં.:- 47 થી 53 ના સવિસ્તાર ઉત્તર લખો: (દરેકનાં ચાર ગુણ) (07 માંથી કોઈપણ 04)**

**➔ પ્રશ્ન નં.:- 54 ફરજિયાત છે.**

47) વૈદકશાસ્ત્ર અને શૈલ્યચિકિત્સાના ક્ષેત્રે યોગદાન સમજાવો.
48) પ્રાચીન ભારતનું ગણિતશાસ્ત્રમાં યોગદાન સમજાવો.
49) નીચે આપેલ ચિત્ર ભારતના મુખ્ય એક ધાન્ય પાકનું છે, તે કયો પાક છે? તે પાકની વિસ્તૃત માહિતી આપો.



50) ભારતમાં કૃષિક્ષેત્રે આવેલા ટેક્નીકલ સુધારા જણાવો.
51) ભારતમાં ગરીબી ઘટાડવાના ઉપાયોમાંથી કોઈપણ ચાર કાર્યક્રમો વિશે માહિતી આપો.
52) “જો ભારતમાં બેરોજગારી ઘટાડવી છે, તો શ્રમશક્તિનું યોગ્ય આયોજન શ્રેષ્ઠ પુરવાર થઇ શકે છે.” કેવી રીતે ? – સમજાવો.
53) ભ્રષ્ટાચાર નાથવાના સરકારી પ્રયાસો જણાવો.
54) નકશો: 1. સુંદરવન જૈવઆરક્ષિત ક્ષેત્ર 2. બાજરી પકવતો એક પ્રદેશ 3. નાગાર્જુન સાગર યોજના
4. મુંબઈ થી ચેન્નઈ જતો રેલમાર્ગ